# અન્તરિક્ષ પાર્શ્વનાથ

નામ તથા એડ્રેસ : શ્રી અન્તરીક્ષ પાર્શ્વનાથ સ્વામી દિગંબર જૈન સંસ્થાન
પો. શિરપુર તા. માલેગાંવ જિ. વાશિમ (મહારાષ્ટ્ર)

આવાગમન... રેલ્વે સ્ટેશન વાશિમથી ૩૦ કિ. મી.

બસ સ્ટેન્ડ મંદિરથી ૫૦૦ ફૂટ દૂરી પર.

પહોંચવાનો સરળમાર્ગ... રેલ તથા રોડ દ્વારા

નજીકનું શહેર... વાશિમ ૩૦ કિ. મી.

નજીકના તીર્થક્ષેત્ર... નવાગઢ અતિશય ક્ષેત્ર, નેમગિરિ અતિશય ક્ષેત્ર, ભાતકુલી સિદ્ધક્ષેત્ર, મુક્તાગિરિ સિદ્ધક્ષેત્ર, કારંજા (લાડ) ગુરુકુળ.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશયક્ષેત્રમાં યાત્રિઓ માટે ૬૦ રૂમો છે જેમાં ૧૦ રૂમ અટેચ્ડ બાથરૂમવાળા છે. ત્રણ મોટા હોલ છે. જેમાં લગભગ ૩૦૦ યાત્રિઓને રહેવાની સુવિધા છે અને ભોજનશાળા ચાલુ છે.

❀ આ ક્ષેત્ર પર ત્રણ પ્રાચીન મંદિર છે અને એક નવું મંદિર છે. ગામની વચ્ચેના મંદિરમાં શ્રી ૧૦૦૮ અંતરીક્ષ પાર્શ્વનાથ દિગમ્બર જૈન પ્રાચીન પ્રતિમા જમીનથી ઊપર (અંતરીક્ષ)માં બિરાજમાન છે. ૧૬ અન્ય દેરીઓ છે. બે વિશેષ મન્દિર કાળા પત્થરથી બનાવેલ બગીચામાં છે.

❀ અહીંના કુવાના પાણીથી નહાવાથી કોઢ, ચામડીના રોગો, તથા શરીરના વિકાર નાશ પામે છે–એવી માન્યતા છે. અહીંની જૂની ઈંટ (પત્થર) પાણીમાં તરે છે. આ મંદિરની પાસે એક નવું પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે.